RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષઃ ૦૯ | અંકઃ ૦૭ | જાન્યુઆરી - ૨૦૨૪ | કિંમતઃ ૧૦/-



# જાહેર આમંત્રણ

## “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામીના**

## પ્રાગટ્ય દિવસ (જન્મદિવસ) પર

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શન સમાગમ



**શુભ તારીખ**
૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ - ગુરુવાર

**શુભ સમય**
સાંજે ૫ થી રાત્રે ૮ કલાક સુધી

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ચાલો આપણે પણ ૐકારની દિવ્ય કૃપા અને પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના પ્રાગટ્ય દિવસે મંત્રથી તેજોમય ઊર્જાયુક્ત આશીર્વાદનો લાભ લઇને જીવનને ધન્ય બનાવીએ....**

/sadguruomrushi | M.:9429208997, 9376334289, 9537220959



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્દષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્દગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

**સદ્દગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જાન્યુઆરી-૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૦૯ | અંક: ૦૭
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

નવા વર્ષની શરૂઆતનું આ મેગેઝિન જેમાં પરમ પૂજ્ય ગુરુજીના માધ્યમથી આપવામાં આવતી દિવ્ય સાધનાઓ, મંત્રો બધું જ આપને આ વર્ષ દરમ્યાન પણ મળતું રહેશે.

પરમ પૂજ્ય ગુરુજીની ભાવના એવી છે કે દુનિયામાં દરેક મનુષ્ય દુઃખ અને તકલીફમાંથી મંત્રોના માધ્યમથી બહાર આવે અને એમનું અને એમના પરિવારનું જીવન સહજ અને સરળ બનાવે. નવું શરૂ થયેલું વર્ષ જેમાં ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસે સાત દાયકાથી પણ વધુ સમયથી ભગવાન રામનું મંદિર અયોધ્યામાં બને અને એમાં ભગવાન શ્રીરામની મૂર્તિની પ્રતિષ્ઠા થાય એવો પાવન અવસર ૨૦૨૪માં જ આપણને સૌને પ્રાપ્ત થયો છે. એ દૃષ્ટિએ જોઈએ તો પણ આ વર્ષ પવિત્ર અને ઐતિહાસિક બન્યું છે.

મને એ કહેતા ગર્વ અને આનંદ થાય છે કે આ નવા વર્ષની શરૂઆતમાં અને રામ મંદિરની પ્રતિષ્ઠાના દિનને ધાર્મિક અને આધ્યાત્મિક રીતે ૐકાર સંપ્રદાય તરફથી શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની દિવ્ય અને અલૌકિક કૃતિનું સર્જન પરમ પૂજ્ય ગુરુજીએ કર્યું છે. જે કૃતિ યુગો-યુગો સુધી અજર અમર બની રામ મંદિરની પ્રતિષ્ઠાના પાવન અવસરને સર્વ ભક્તજનોને યાદ કરાવતી રહેશે.

ગુરુજીએ રચિત કરેલ એક ગઝલરચના 'કાટકો' અહીં હું આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

**'કાટકો'**

**આપ સાથે વાત થઇ ગઇ, કાળજામાં હાશ થઇ ગઇ ;**
**ઊંઘમાં ઝરણું મળ્યું તો, પાંપણે ભીનાશ થઇ ગઇ ;**
**કાટકો એવો થયો કે, રાત પણ બેધ્યાન થઇ ગઇ ;**
**બાગની કળીઓ ખીલીને, પંખીઓનું ગાન થઇ ગઇ ;**
**ૐ માં ડૂબી ગયા તો, સૌ ક્ષણો ઉલ્લાસ થઇ ગઇ.**
**(કાટકો - વાદળોની ગર્જનાનો અવાજ)**

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥



# મહાશિવરાત્રિના પાવન અવસર પર ભગવાન શિવની ચમત્કારિક મંત્રસાધના

આમ તો મહાશિવરાત્રિ દર મહિને આવતી હોય છે પરંતુ ફાગણ મહિનાની કૃષ્ણપક્ષની ચતુર્દશી મહાશિવરાત્રિ કહેવામાં આવે છે. આપણા પુરાણોમાં પણ મહાશિવરાત્રિનું સર્વાધિક મહત્ત્વ વર્ણવવામાં આવ્યું છે. કહેવાય છે કે સૃષ્ટિનો આરંભ આ જ દિવસથી થયો હતો.

**"फाल्गुन कृष्णन्नतुर्दश्यामा दिदेवो महानिशि । शिवभिङ्गतयोदूतः कोटिसूर्यसमप्रभ ॥"**

ઇશાન સંહિતાના આ વાક્ય અનુસાર જયોતિર્લીંગનો પ્રાદુર્ભાવ થવાથી આ પર્વને મહાશિવરાત્રિના રૂપમાં મનાવવામાં આવે છે. મહાશિવરાત્રિ એક એવો દિવસ છે જયાર પ્રકૃતિ મનુષ્યને તેના આધ્યાત્મિક શિખર સુધી જવામાં સહાયક બને છે. એવું માનવામાં આવે છે મહાશિવરાત્રિની રાત્રિ વખતે ગ્રહોનો ઉત્તરી ગોળાર્ધ એવી રીતે સ્થિત હોય છે કે મનુષ્યની અંદરની ઊર્જા પ્રાકૃતિક રૂપથી ઉપરની તરફ ગતિ કરે છે. માટે જ અધ્યાત્મ પથ પર અગ્રેસર સાધકો માટે મહાશિવરાત્રિની રાત્રિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. મહાશિવરાત્રિની રાત્રિ સૌથી વધુ અંધકારપૂર્ણ રાત્રિ હોય છે.

પૌરાણિક કથાઓ અનુસાર મહાશિવરાત્રિના દિવસે જ ભગવાન શંકર, દેવાધિદેવ મહાદેવ મધ્યરાત્રિના સમયે નિરાકાર બ્રહ્મથી સાકાર સ્વરૂપ એટલેકે રૂદ્ર રૂપમાં અવતરિત થયા હતા સૃષ્ટિનો આરંભ આ જ દિવસે અગ્નિલીંગ એટલેકે જે મહાદેવનું વિશાળકાય સ્વરૂપ છે તેમાંથી થયો હતો. ભગવાન શિવ મહાશિવરાત્રિના દિને જ્યોતિર્લીંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. જેનો ન આદિ ન અંતહતો. માટે આ દિવસને મહાશિવરાત્રિ તરીકે ઉજવવામાં આવે છે.

મહાશિવરાત્રિ માટે એવું પણ કહેવાય છે કે આ શિવ અને શક્તિના મિલનની રાત્રિ છે. આધ્યાત્મિક રૂપથી આને પ્રકૃતિ અને પુરૂષના મિલનની રાત તરીકે ઓળખવામાં આવે છે. શિવરાત્રિ ભારત ઉપરાંત વિશ્વના બીજા પણ ઘણાં દેશોમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભગવાન શિવ એટલે દેવાધિદેવની સાધના, આરાધના, ભક્તિ અને ઉપાસના માટેનો પ્રમુખ પર્વ એટલે મહાશિવરાત્રિ. પાપ અને ભયને દૂર કરી જીવનને એક નવી ઊંચાઈ તરફ સકારાત્મક ઊર્જા તરફ અગ્રેસર કરવાનો પવિત્ર પર્વ એટલે મહાશિવરાત્રિ. આમ, શિવરાત્રિ એ ભગવાન શિવના દિવ્ય અવતરણનીમંગલસૂચક છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને તમામ વિષય-વિકારોથી મુક્ત કરીને પરમ સુખ, પરમાનંદ, પરમશાંશ્રિાને ઐશ્વર્ય પ્રદાન કરનાર મહાશિવરાત્રિનું બધાં જ પર્વોમાં સવિશેષ મહત્ત્વ છે.



॥ ૐ નમઃ ॥

## આ વખતે મહાશિવરાત્રિ તારીખ : ૮-૩-૨૦૨૪, શુક્રવારના રોજ છે.

# મહાશિવરાત્રિના પાવન પર્વ પર ભગવાન શિવની મંત્રસાધના કરવાની માહિતી

મહાશિવરાત્રિના પાવન દિવસથી ભગવાન શિવની આરાધના કરવા માટે આજે હું આપને ૨૭ દિવસની સાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનું એક બાજઠ લેવું. એના ઉપર વાદળી કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એક મુઠ્ઠી કાળા તલની ઢગલી કરવી અને બીલીપત્રના નવ પાન લઈ એક ઉપર એક મુકવા. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી શિવાશક્તિ ઊર્જા ચક્રનું કટીંગ કરીને લેમીનેશન કરાવી દેવું અને તેને પણ સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલ મંત્ર ૯ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૨૭ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૨૭ દિવસ ગણીને સાધના પૂર્ણ કરવી. |
| સાધના કરવાનો સમય | : | આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય. |
| સ્થાપન કરવાનો સમય | : | મહાશિવરાત્રિના દિવસે સવારે ૭ થી ૧૧ માં સ્થાપન કરવું. |
| કયા કલરનું વસ્ત્ર પહેરવું? | : | કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય. |

**સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જિત કરી દેવી.**

**મંત્ર : ॥ ૐ શિવાશક્તિ મહાશક્તિ પ્રાંગ પ્રાંગ નમો નમઃ ॥**

## ૐ શ્રી શિવાશક્તિ ઊર્જા ચક્ર



ૐગુરુ દ્વારા લિખિત
આવનારું નવું પુસ્તક

# આનંદનો આસોપાલવ

વાર્તા સંગ્રહ




સામાજિક, રહસ્યમય અને રોમાંચક
વાર્તાઓનો અદ્ભૂત વાર્તાસંગ્રહ
(આજે જ બુક કરાવો.)

સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997

# વસંતપંચમી એટલે "ૐઋષિના સાત જન્મોના તપસાધનાના ફળ સ્વરૂપ ૐઋષિ દ્વારા અપાયેલ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત"

પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિના સાત જન્મોની તપ-સાધનાના ફળ સ્વરૂપ અને આજના ભીષણ કલિકાળ, કળિયુગમાં મનુષ્ય તેમના જીવનપત્તા આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઈ શકે અને સાથે-સાથે પોતાની ઇચ્છિત મનોકામનાની પ્રાપ્તિ કરી શકે તેવું દિવ્ય, ચમત્કારિક વ્રત એટલે "ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત" .

ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની સ્થાપનાનો દિવસ વસંતપંચમી એટલા માટે ગણવામાં આવે છે કે આ શુભ દિવસ એ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિનો પ્રાગટ્ય દિવસ છે. માટે વસંતપંચમીનો દિવસ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત તરીકે ઓળખાશે તેમજ વસંતપંચમી આ વ્રતની સ્થાપનાની મુખ્ય તિથિ ગણાય છે.

ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતનો પ્રાદુર્ભાવ એવો છે કે પ્રણવબ્રહ્મ ૐકારના સાક્ષાત્કાર અને તેમના દ્વારા પરમાર્થ માટે જીવન સમર્પિત કરવાની આજ્ઞા મળી તે વખતે પૂ. ૐઋષિએ અંતરના ઊંડાણથી એવી પ્રાર્થના કરી કે, 'હે પ્રણવબ્રહ્મ, હે સૃષ્ટિકર્તા, હે નાદબ્રહ્મ ૐકાર આપ મને પરમાર્થ માટે એક એવી કુંજી આપો કે જેના પ્રયોગથી ઉચ્ચકોટિના સાધકથી માંડીને સામાન્ય કક્ષાના માનવી પણ ત્રિવિધ તાપોના કષ્ટમાંથી રાહત મેળવી અને ભૌતિક સુખ-સમૃદ્ધિની સાથે-સાથે આધ્યાત્મિક આનંદને પણ પ્રાપ્ત કરી શકે.'

નિર્મળ અને નિર્મોહી પ્રદયથી ભરેલી આ શુદ્ધપ્રાર્થનાના પ્રત્યુત્તરમાં પ્રણવબ્રહ્મ ૐકારે પૂ. ૐઋષિને 'ૐકાર ચાલીસા'નું સર્જન કરવાની પ્રેરણા અનેદિવ્ય બળ પ્રદાન કર્યું. આ ૐકાર ચાલીસાના સર્જન દરમ્યાન પૂજ્ય ગુરુદેવ ૐઋષિને એવો સંકેત મળ્યો કે આ અદ્ભૂત અને અભૂતપૂર્વ ૐકાર ચાલીસાના પ્રાગટ્ય પછી શક્તિ એકચોક્કસ બિંદુએ પહોંચશે ત્યારે સૃષ્ટિના પ્રારંભથી જ સદાકાળ ગૂંજતા અદ્ભૂત અને અમોઘ પ્રણવનાદ ૐકારની સહજ સાધના માટે દરેક યુગમાં પ્રવર્તમાન એવા એક અમોઘ અને દિવ્ય વ્રતનો આ વિશ્વને પરિચય થશે.

સૃષ્ટિના સર્જક-પાલક-સંહારક એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, ઈન્દ્રદેવ સહિત સર્વ દેવો, રુદ્રગણો, દેવતાઓ, દૈવીશક્તિઓ, દીકપાલો, યક્ષો, કિન્નરો, ગાંધર્વો, અપ્સરાઓ, વિવિધ ગણો, મુનિઓ, ઋષિઓ, સિદ્ધેદ્રો, વિદ્યાધરો, પર્વતો, સૂર્ય-ચંદ્ર સહિત સર્વ ગ્રહો, તારાઓ, નક્ષત્રો, આકાશ ગંગાઓ અને અનેક બ્રહ્માંડોના આધિપતિઓ તેમજ તેમના દેવતાઓ પ્રણવબ્રહ્મ ૐકારની પ્રચંડ અને કલ્યાણકારી શક્તિઓને ઉજાગર કરનાર વ્રતનું મહત્ત્વ જાણે છે.

અદ્ ભૂત અને અલૌકિક આનંદદાતા, પરમ સંતોષના પ્રદરેકાવ્રતોના સાર સમાન, નિરંતર સુખદાયક, પરમશાંતિ પ્રદાન કરનાર, અસીમ અને અનંત શક્તિ પ્રદાતા એવું ૐકાર સંકલ્પ સિદ્ધિવ્રત યુગો-યુગો સુધી આવનારી દરેક મનુષ્ય પ્રજાતિ કરતી રહે એ માટે આ વાત ઈન્દ્રલોકની એ દિવ્ય શક્તિએ

ૐઋષિને કહી છે.

પરમ કલ્યાણકારી, મંગલકારી, મનોવાંછિત ફળ આપનાર, તમામ મનોરથોને સાકાર કરનાર, અસીમ વૈભવ-ઐશ્વર્ય પ્રદાન કરનાર, કર્જમુક્તિ અપાવનાર દુ:ખદાયી બંધનોની પીડામાંથી ઉગારનાર, ચિંતાઓનો નાશ કરી પરમ શાંતિ પ્રદાન કરનાર, પરમ શ્રેષ્ઠ સર્વપૂજ્ય, તમામ સંકટોને હરનાર, હજારો અશ્વમેઘ અને સેંકડો વાજપેયી યજ્ઞોનું ફળ સ્વરૂપ, સિદ્ધિ-બુદ્ધિ પ્રદાયક પૂજ્ય સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે આપવામાં આવેલ સંકલ્પસિદ્ધિ વ્રત જે કોઇપણ વ્યક્તિ શ્રદ્ધા-ભાવપૂર્વક કરશે તેમને ઇચ્છિત ફળની પ્રાપ્તિ ચોક્કસ અને નિશ્ચિતપણે થશે.

## ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની પ્રક્રિયા

(૧) ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત નવ દિવસનું હોય છે અને તે કોઇપણ ગુરૂવારથી કરી શકાય છે.

તેમજ

આ વ્રતના સ્થાપનની મુખ્ય તિથિ વસંતપંચમી ની છે. વસંતપંચમીનો દિવસ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત તરીકે ઓળખાશે. કારણ કે આ શુભદિવસ મંત્રયુગપરિવર્તક પ.પુ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિનો પ્રાગટ્યદિન (જન્મદિવસ) છે.

(૨) સૌપ્રથમ લાકડાનાં પાટલા કે બાજઠ ઉપર કોઇપણ કલરનું શુદ્ધ કપડું પાથરવું. ત્યારબાદ તેના પર એક નાળિયેર (શ્રીફળ) નાડાછડી બાંધીને મુકવું. પછી કપડા ઉપર ત્રણ આખી સોપારી, એક મુઠ્ઠી ઘઉંની ઢગલી, એક મુઠ્ઠી ચોખાની ઢગલી, એક મુઠ્ઠી મગની ઢગલી અને એક મુઠ્ઠી વાલની ઢગલી કરવી. મગની ઢગલીમાં ૐકાર વિશ્વશાંતિ શક્તિચક્રનું સ્થાપન કરવું. આ સ્થાપન ઘરમાં કોઇપણ જગ્યાએ અથવા તો પૂજાના સ્થાનમાં કરવું. સ્થાપન કર્યા પછી નીચે આપેલ પ્રક્રિયા નવ દિવસ સુધી કરવી.

(૩) સવારે ૭ થી ૧૦ માં સ્થાપન સામે નીચે આપેલો મંત્ર ૨૭ વખત કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો એકવાર પાઠ કરવો .

**મંત્ર : ॥ ૐ દિવ્યમ્ દિવ્યમ્ મનોતા સિદ્ધિ સૂર્યમ્ સૂર્યમ્ નમઃ ॥**

(૪) દિવસમાં બીજી વખત સ્થાપન સામે સાંજના ૬ થી ૯ દરમિયાન ૐઋષિ રચિત ૐકારચાલીસાનો બે વખત પાઠ કરવો અને ૐઋષિ રચિત ૐકાર આરતી કરવી. આરતી સમયે કોઈપણ પ્રકારનો પ્રસાદ કરવો નહિ.

(૫) આ વ્રત દરમિયાન સવારે ભોજનમાં કોઇપણ બે વસ્તુ જ ગ્રહણ કરી શકો છો અને સાંજના ભોજનમાં કોઇપણ એક જ વસ્તુ ગ્રહણ કરવી.

(૬) વ્રત દરમિયાન ચા, કોફી અથવા દૂધ ઇચ્છો તેટલીવાર ગ્રહણ કરી શકો છો, એ સિવાય કોઇપણ પ્રકારનું પીણું પીવું નહી. પાણી ગમેતેટલી વખત પી શકાય છે.

(૭) આ વ્રત દરમિયાન રોજ આખા દિવસમાં ગમે તે સમયે અડધો કલાક મૌન પાળવાનું રહેશે.

(૮) નવમા દિવસે એટલે કે ગુરૂવાર થી ગુરૂવાર સ્થાપન રાખી અને શુક્રવારે રાતના ૬ થી ૯ માં બે વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐઋષિ રચિત ૐકાર આરતી કરી ઉત્થાપન કરવું.

(૯) ઘરમાં એક થી વધુ વ્યક્તિઓ વ્રત કરતા હોય ત્યારે દરેકનું વ્રત પૂર્ણ થાય તે પછી જ સ્થાપનનું ઉત્થાપન કરવાનું રહેશે.

(૧૦) ઘરમાં જેટલી વ્યક્તિ (એક જ રસોડે ભોજન લેતી) આ વ્રત કરે તે બધા માટે એક જ સ્થાપન કરવાનું રહેશે. સાંજના આરતી સમયે વ્રત કરનારાઓ સહુ એકસાથે હાજર રહે તે અતિઉત્તમ છે. પરંતુ કોઇ કારણસર વ્રત કરનાર જે વ્યક્તિ કે વ્યક્તિઓ હાજર ન હોય તો તે વ્યક્તિ કે વ્યક્તિઓ ૯ વાગ્યા સુધીમાં આરતી કરી લેવી અને આ માટે આરતીની થાળી નવી તૈયાર કરવી.

(૧૧) આ વ્રત દરમિયાન આપ જે નિયમિત પૂજા કરતા હો તે ચાલુ રાખવી.

(૧૨) આ વ્રત પુરૂષ, સ્ત્રી કે બાળકો પણ કરી શકે છે અને આ વ્રતના માધ્યમથી આપના ઇષ્ટદેવી અને કુળદેવતાની પ્રસન્નતા તમારા પર વધતી જશે તેમજ જો ઘરમાં વાસ્તુદોષ કે અન્ય કોઇ દોષ હશે તો તે દૂર થશે અને ખાસ તો આ વ્રત કરવાથી સાધકને મનોવાંછિત ફળની અચૂક પ્રાપ્તિ થશે..

(૧૩) વ્રત દરમિયાન કોઇપણ કારણસર દિવસ પડે તો ચિંતા નહીં કરતા કુલ નવ દિવસ ગણતરીમાં લેવા પરંતુ સ્થાપન કરવાનો દિવસ ગુરૂવાર જ રહેશે.

(૧૪) જે દવાઓ આપ નિયમિત લેતા હો તે આ વ્રત દરમિયાન પણ આપ લઇ શકો છો તેમજ દવા સ્વરૂપે કોઇ ખોરાક હોય તો તે પણ લઇ શકાય છે.

(૧૫) આ વ્રત પૂર્ણ થયા પછી ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પર આપનું નામ નોંધાવી દેવું. જેથી કરીને આ વ્રતની સામુહિક ઉજવણી થાય ત્યારે આપને એમાં અવશ્ય સ્થાન મળી શકે અને સામુહિક ઉજવણી ના પ્રસંગે જે ફળશ્રુતિ મળે એ પુણ્યફળના આપ સહભાગી બની શકો.

(૧૬) સ્થાપનમાં મુકવાનું ૐકાર વિશ્વશાંતિ શક્તિચક્ર, ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની માહિતી અને ૐષિ રચિત ૐકાર ચાલીસા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ અથવા તો તેના સેન્ટરો પરથી નિઃશુલ્ક મેળવી શકો છો.

(૧૭) પૂજ્ય ૐઋષિનો સંકલ્પ છે કે દુનિયાનાં દરેક મનુષ્યને પોતાની પીડા અને તકલીફોને દૂર કરવા માટે ગમે ત્યાં દોડતું રહેવું ના પડે અને ઘરે બેઠા ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતનાં માધ્યમથી પોતાની પીડા અને તકલીફો દૂર કરી શકે.

(૧૮) ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતથી આપનું કલ્યાણ થાય અને સુખ સમૃદ્ધિમાં વધારો થાય તો આ વ્રત બીજા મનુષ્યોને કરવા માટે પ્રેરિત કરી એમનું કલ્યાણ થાય એવું પુણ્યકાર્ય કરશો.... પૂજ્ય ૐઋષિના આપને આશીર્વાદ.

# ૐકાર આરતી

ૐ જયશ્રી ૐકારા
ભજો જય જય ૐકારા
નાદબ્રહ્મ પરમેશ્વર (૨)
માને જગ સારા....ૐ જય શ્રી ૐકારા....
પ્રણવબ્રહ્મ પરમેશ્વર, સૃષ્ટિ કે કર્તા
ૐ સૃષ્ટિ કે કર્તા, જગપાલક સંહારક (૨)
તુમ પાલનકર્તા....જય શ્રી ૐકારા....
વિષય વિકાર મિટાવે, ત્રિવિધ તાપ હરે,
ૐ ત્રિવિધ તાપ હરે, સંકટ સર્વ નિવારે (૨)
સુખ સમૃદ્ધિ ભરે.....જય શ્રી ૐકારા
કર્મ- જ્ઞાન ભક્તિ કા, ૐ હી હૈ આધાર,
પ્રભુ ૐ હી હૈ આધાર, 'પ્રિત' બઢાયે 'ઈશ' મેં (૨)
ખોલે મુક્તિ દ્વાર....ૐ જય શ્રી ૐકારા....

# ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત

## સ્થાપન કરવાનું કાર્ડ

### ॐकार विश्वशांति शक्तिचक्र

ॐकार ध्यानचक्र

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| शक्ति | सुजा | स्वाहा | गौतम | मित्रानंद | सागर | ब्रह्मा | सुजिता |
| विवा | विहंर | सः | श्रीनांद | विनांद | अग्नि | सांई | त्रुना |
| विघनी | मंहि | ष्ट | परमात्मा | पुष्करा | रावि | नानक | वामा |
| पर्वत | तीर्थंकर | कुरु |  | | राजि | अंबा | कपिता |
| कुंडली | परमात्मा | त्रणावी | | | त्रुपा | विध | लक्ष्मी |
| विवा | शीव | त्रणाती | वाकुवा | त्रिपा | अनुष्का | उपल | कर्मठ |
| नाद | शंकर | त्राजि | आर्ध शक्ति | वीका | वीन्धा | दत्तात्रेय | ॐकार |
| पार्श्व | पदमावती | पूजा | त्रुका | नावि | त्रीना | चामुंडा | विता |

ॐकार परब्रह्मा

ॐकार ओरा शक्ति

**ૐકારચક્ર**

| | | | |
|---|---|---|---|
| ત્રી: | રા: | ૐ: | ૐ: |
| રા: | મિ: | ત્રી: | રા: |
| કી: | ૐ: | કા: | દી: |

**વ્રતચક્ર**

| | | | |
|---|---|---|---|
| રા: | નિ: | વા: | દિ: |
| તા: | ની: | કી: | ત્રી: |
| રી: | જી: | પીં: | રા: |

**સંકલ્પચક્ર**

| | | | |
|---|---|---|---|
| ૯૯ | ૩૩ | ૫૫ | ૬૬ |
| ૧૧ | ૨૨ | ૮૮ | ૭૭ |
| ૩૩ | ૪૪ | ૯૯ | ૬૬ |

**સિદ્ધિચક્ર**

| | | | |
|---|---|---|---|
| ૧૮ | ૩૭ | ૩૫ | ૩૧ |
| ૭૭ | ૨૭ | ૯ | ૧૨ |
| ૯ | ૫ | ૧૧ | ૧૫ |

**॥ ૐ દિવ્યમ્ દિવ્યમ્ મનોતા સિદ્ધિ સૂર્યમ્ સૂર્યમ્ નમઃ ॥**

(સ્થાપન સામે આ મંત્ર સવારે ૭ થી ૧૦માં ૨૭ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો)

**(આ કાર્ડ લેમિનેશન કરી સ્થાપનમાં મુકવું.)**

## સ્થાપન કરવાની પદ્ધતિ

**अकस्मात निवारक यंत्र**

| | | |
|---|---|---|
| वा | ३ | ५ |
| का | त्रा | ७ |
| जा | रा | ९ |

**लक्ष्मी कवच यंत्र**

| | | |
|---|---|---|
| ત્રિ | વા | ક્રિ |
| લક્ષ્મી | રાવ | ક્રીમ |
| સ્થિર | કવચ | ત્રામ |


**कष्ट निवारक यंत्र**

| | | |
|---|---|---|
| દા | વા | ત્રીત્રા |
| કા: | પી: | વીત્રા |
| ત્રા: | વી: | ત્રીજા |

**कार्य सिद्ध यंत्र**

| | | |
|---|---|---|
| સૂ | વૂ | લા |
| ત્રુ | જા | વા |
| ક્ષુમ | ક્ષુમ | ક્ષુમ |

સ્થાપન કેવી રીતે કરવું તે જોવા માટે નો ફોટો



ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
**સેવા સમર્પણ ફાઉન્ડેશન**
ॐकार संप्रदाय™ (एक आध्यात्मिक पथ)
KARYA SE KRANTI
Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free (5313/09-10)
Trust Reg. No. 170 (b) (1) (A) (vi) Form 990 / 990-EZ /990-N-USA
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭, ગુજરાત.
(મો) ૯૩૭૬૩૩૪૨૮૯, ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭

॥ ૐ નમઃ ॥

# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક
## સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



**ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન**

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**



|| ૐ નમઃ ||

# મારી પ્રથમ આદર્શ શિક્ષક મા

મારા માતૃશ્રીનો ૮ સપ્ટેમ્બરના દિવસે જન્મદિવસ આવતો હોય. એમનો જન્મદિવસ મારા માટે આનંદ અને માનનો દિવસ રહ્યો છે. મારી માતાનો દીકરો બનવાનું મને ગૌરવ મળ્યું અને માતાના સ્વરૂપમાં ઈશ્વર અને એક ઉત્તમ ગુરુ મને મળી.

દુનિયામાં દરેક માતા-પિતા માટે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ સંતાનોને ઉછેરવા અને મોટા કરવા તેમજ ભણાવવા અને દુનિયામાં તૈયાર કરી મોકલવાનું કાર્ય પણ આજના સમયમાં ખૂબ અઘરું બની જતું હોય છે. આવા કળિયુગના કપરા સમયે શારીરિક રીતે રોગોના વમળમાં ઘેરાઈ ચૂકેલા શારીરિક નિર્બળ દિકરાને માનસિક રીતે બળવાન બનાવવાનું કાર્ય અને તે પણ સંજોગો સામે હાર્યા વિના લડીને એક મા અને ગુરુ બનીને સફળતાપૂર્વક કરવું એ હિંમત માંગી લે તેવું છે અને માટે મારી મા મારી દૃષ્ટિએ પ્રથમ આદર્શ ગુરુ છે.

મને બરાબર યાદ છે, જયારે મેં સાધના સ્કૂલમાં બીજા ધોરણનું મારું ભણતર પૂરું થયું અને ઉનાળાનું વેકેશન પડ્યું  હતું, બરાબર તે સમયે મને કપરી શારીરિક પીડાની શરૂઆત થઈ ગઇ હતી. પંદર દિવસમાં તો મારું પથારીમાંથી ઉભું થવાનું સંપૂર્ણપણે બંધ થઇ ગયું હતું. હજી પંદર દિવસ પહેલા તો સ્વસ્થ બાળકોની જેમ હસતો, કૂદતો અને દોડતો હું પથારીવશ થઇ ગયો હતો. મને હજીયે યાદ છે, હું શરીરના દુઃખાવાથી ખૂબ જ ત્રસ્ત રહેતો હતો. મારા શરીરની અસહ્ય પીડાએ મને દુઃખના અંધકારમાં નાખી દીધો હતો.

શારીરિક પીડાઓમાંથી હજી મને મુક્તિ તો મળી ન હતી અને શાળાઓ ખુલી ગઇ હતી. એ સમયે હું બીજા ધોરણમાંથી ત્રીજા ધોરણમાં આવી ગયો હતો, ત્યારે મારા માતૃશ્રીએ મને સ્કૂલે જવા માટે સમજાવ્યો હતો. ઘરના વડીલો અને ડોકટરોએ મને ઘરેથી જ શક્ય હોય તો ભણાવવો નહિતર ભણતર સંપૂર્ણપણે છોડાવી દેવું એવો નિર્ણય લીધો હતો.

"આપણે ભણાવીને આની પાસે ક્યાં નોકરી કરાવવી છે. ભણશે નહિ તો પણ ચાલશે." એવું દાદાએ ઘરમાં ફરમાન પણ જારી કરી દીધું હતું.

મને ખૂબ જ દર્દ થતું હોવાના કારણે હું પણ સ્કૂલે જવા તૈયાર ન હતો.

એ સમયે મારી માતાએ મને સમજાવ્યું હતું કે "જ્ઞાન એ જીવનની સૌથી મોટી મૂડી છે, જો ભણીશ તો જ તારી જાતને બુદ્ધિમાન બનાવી શકીશ."

॥ ૐ નમઃ ॥

માના આ શબ્દો હું નાનો હોવાના કારણે ત્યારે તો બરાબર નહોતો સમજ્યો. પરંતુ એની વાત માનીને, શારીરિક પીડાને સહન કરીને સ્કૂલે જવાનું મેં શરૂ કર્યું હતું. એ વખતે જો એણે મને સમજાવી સ્કૂલે ના મોકલ્યો હોત તો કદાચ હું આજે જ્ઞાનની ઉપાસના કરી શક્યો છું એ ના કરી શક્યો હોત, કારણકે ભણતા, લખતા, વાંચતા જ ના આવડ્યું હોત તો જ્ઞાનની ઉપાસના કઇ રીતે શક્ય બને?

મનુષ્યના જીવનમાં જ્યારે મોટી ક્રાંતિ થાય તો એ ક્રાંતિની શરૂઆત એક નાનકડા પગલાથી થાય. મારા જીવનમાં આવેલી ક્રાંતિની શરૂઆત એણે સ્કૂલમાં મને શરીરની પીડા સાથે મોકલ્યો એ નાનકડા કદમથી મારી માએ કરાવી હતી. તેણે લેવડાવેલું આ નાનકડું કદમ કદાચ કુદરતે પણ એ વખતે ચોક્કસ નોંધ્યું હશે અને માટે જ કુદરતે મારી પાસે મંત્રજ્ઞાનની ઉપાસના કરતા-કરતા ૐકાર ચાલીસા, શ્રી નવદુર્ગા ચાલીસા, ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસા તેમજ શ્રીમદ્ ભાગવત ચાલીસા જેવી દિવ્ય ગાથાનું સર્જન દરેક મનુષ્યના જીવનમાં ઉત્થાન અને કલ્યાણ માટે કરાવ્યું. સાથે-સાથે હજારો મંત્ર અને મંત્રશક્તિપાતની રચના પણ કુદરતે મારી પાસે કરાવી અને કરાવી રહ્યું છે. આ બધું કુદરત પણ મારી પાસે ના કરાવી શક્યું હોત, જો હું અભણ રહ્યો હોત. માટે મારી માતાનું  યોગદાન મારા ક્રાંતિમય જીવનમાં સર્વપ્રથમ મહત્વનું પગલું લેવડાવનાર ગુરુ તરીકેનું છે. જે ક્યારેય પણ હું વિસરી શકું નહિ.

માતા યશોદાનું યોગદાન કૃષ્ણના જીવનમાં, જીજાબાઇનું યોગદાન શિવાજીના જીવનમાં, સ્વામી વિવેકાનંદની માતાનું યોગદાન એમના જીવનમાંથી જેમ કાઢી ના શકાય એમ પ્રતિમાબેનનું યોગદાન ૐઋષિના જીવનમાંથી ક્યારેય પણ કાઢી ના શકાય.

જ્ઞાનની સાધના કરવાની તકનું પ્રથમ અને મહત્વનું પગથિયું એણે મને એના હાથથી ચડાવ્યું અને જો એ ક્ષણે એણે મારી જીદમાં સાથ આપી અને મારી પીડા અને દર્દ પર દયા ખાઈને ભણવાનું બંધ કરાવ્યું હોત તો જ્ઞાનમાર્ગ પર ચાલવાનું મારા માટે ક્યારેય શક્ય બન્યું ના હોત એ હું ચોક્કસ કહી શકું એમ છું.

એક ગુરુ બની તેણે મને જ્ઞાનસાગરમાં પ્રથમ ડુબકી ખવડાવી એ મારી ગુરુમાઁ બની. મારા માતૃશ્રી સાથે જોડાયેલી કેટલીયે બધી યાદો અને એણે મને શીખવાડેલા ઘણાં જીવનના પાઠ આજે એની વર્ષગાંઠના દિવસે મારા સ્મરણમાં જે વર્ષોથી છે એ તાજા થયા છે.

મારા જીવનના પ્રથમગુરુ અને આદર્શ શિક્ષક બની મારા આ જીવન અને જન્મને મારા માતૃશ્રીએ સાર્થક બનાવ્યો છે.

લિ. સદ્ગુરુ ૐઋષિ સ્વામી

# નિરવારી બાબા સાથે સદ્ગુરુ ૐઋષિ સ્વામીનો સત્સંગ

આત્મસાક્ષાત્કારનો અનુભવ જે પણ દિવ્ય મનુષ્યએ કર્યો હોય એ કોઇપણ જાતના ચમત્કાર આ પૃથ્વી પર સર્જી શકે એ માટે સક્ષમ હોય છે, કારણકે આત્મસાક્ષાત્કારની દિવ્ય ઊર્જાથી એ મનુષ્ય સજ્જ બનતો હોય છે અને એટલે જ ચમત્કાર કરવો એના માટે સરળ બને છે.

આમ છતાં ઘણાંબધાં મહામાનવો આવી દિવ્ય શક્તિઓનો ઉપયોગ કરવાની ઇચ્છા ધરાવતા હોતા નથી.

દરેક સંત પોતાની રીતે ઈશ્વરની પૂજા કરે છે. કેમ કે આ જગતમાં જ્યાં રેતીના બે કણ પણ તદ્દન એકસરખાં નથી ત્યાં સંતોનું વ્યક્તિત્વ નિરાળું બને એ પાયાની વાત છે.

બધાં સંતો માટે એકસરખાં નિયમો ઘડી શકાય નહિ. તેમને એક જ ચોકઠામાં બેસાડી શકાય નહિ. તેઓ અલગારી પણ હોય અને મનમોજી પણ હોઇ શકે. તેઓ વિલક્ષણ પ્રતિભા પણ ધરાવતા હોય જે લોકોને દેખાતી હોય અને તેઓ ખૂબ સરળ અને સહજ પણ હોય અને તેઓ પોતાની પ્રતિભા દેખાડીને ચમત્કારો સર્જવાનો દેખાવ ન પણ કરે. પરંતુ તેમના સદ્ગુણોમાં ભક્તોની શ્રદ્ધા હોવી જોઇએ. આ શ્રદ્ધા જ સંસારી મનુષ્યને સારા કર્મ કરવા તરફ લઇ જાય છે.

કેટલાંક સંતો શિક્ષણ આપે છે, કોઇક યાત્રા કરે છે અને આશ્રમો બનાવીને શિષ્યોને સ્વીકારે છે. જ્યારે બીજા કેટલાંક માત્ર છાયાની માફક જાહેરમાં આવ્યા વિના જ શાંતિથી જીવન જીવી જાય છે.

આવા જ એક સંત સાથેની મુલાકાત મને બરાબર યાદ આવે છે. તેમની સાથે ઘણી વખત મારી મુલાકાત થઇ હતી. હિંદમાં જ્યાં સાધુ સંતો ગરીબી અથવા તો અછતનો સહર્ષ સ્વીકાર કરતા હોય છે ત્યારે બીજા ઘણાં સંતો ત્યાં થોડા અલગ પડી જાય છે.

એક સાચો યોગી પોતાની ફરજો બજાવતા અધ્યાત્મના મહાસાગરમાં રહી શકે છે અને સંસારમાં રહેતા અનિયંત્રિત માનવસમુદાયમાં જલમિશ્રિત દૂધની માફક ઓતપ્રોત થઈને નહીં, પણ પાણી ઉપર માખણ તરે એમ અલગ પણ રહી શકે છે. આવી જ કંઈક ઓળખ સાથે એ સંત જીવન જીવી રહ્યા હતા.

મારી ઉંમર લગભગ વીસેક વર્ષની હશે. પરંતુ તે વખતે હું અધ્યાત્મમાં ખૂબ જ ઊંડો ઉતરી ગયો હતો અને એટલે આવા સાધુ સંતોને મળવું પણ મને ખૂબ જ પસંદ હતું. સચોટ રીતે કહું તો સાધુ સંતો જોડે બેસવું એ મારા માટે મોજ બની ગયું હતું અને એક આવી જ અવર્ણનીય આનંદ અપાવતી અનુભૂતિ મને વડોદરામાં થઇ હતી.

વડોદરામાં એ સંત સાથે જ્યારે પણ સત્સંગ કરવા બેસતો ત્યારે સમય શૂન્ય બની જતો હતો. એ સંત એટલે નિરવારી બાબા. ખૂબ જ મનમોજી, મજાકિયા વૃત્તિ અને અતિ સહજ કહી શકાય તેવી મુખમુદ્રા સાથે ખૂબ ગંભીર વાતો પણ કરી જાણતા હતા. અધ્યાત્મની ટોચ કહેવાય ત્યાં સુધી પહોંચેલા નિરવારી બાબા સાથે સંગોષ્ઠી એ ખરેખર એક સ્પિરીચ્યુઅલ થેરાપી પણ ગણી શકાય.

જીવનને ખૂબ ઊંડાણપૂર્વક એમણે ઓળખ્યું હોય તેવું તેમના શબ્દો ઉપરથી દેખાઇ આવતું હતું.

એ દિવસો વૈશાખ મહિનાના હતા. વડોદરામાં વાતાવરણમાં ખૂબ જ ગરમી હતી. વડોદરા એક આશ્રમમાં નિરવારી બાબા સાથે મારી મુલાકાત થઇ હતી. હું આશ્રમમાં પ્રવેશ્યો. પંખીઓ આશ્રમમાં કલરવ કરતા હતા. બીજી તરફ સાંજ પડવાનું વાતાવરણ સર્જાઇ રહ્યું હતું.

આશ્રમના પ્રાંગણમાં તેમના કેટલાંક શિષ્યો દૃશ્યમાન થતાં હતા. કદાચ, તેઓ સાંજની આરતીની તૈયારીઓ કરી રહ્યા હતા. બીજી તરફ પ્રસાદની તૈયારીઓ પણ થઇ રહી હતી. કેસર, મલાઇદાર દૂધ અને મિશ્રિત એલચીની સોડમ છેક આશ્રમના દ્વાર સુધી આવતી હતી.

નિરવારી બાબાના કક્ષમાં હું પ્રવેશ્યો. તેઓ પોતાના શિષ્યો સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. એકદમ બાળસહજ સ્મિત સાથે તેમણે મને આવકાર્યો. હું તેમના હસમુખા ચહેરાથી ઘણો જ પ્રભાવિત થયો. કોઈ સંતનું આ પ્રકારનું નિખાલસ વ્યક્તિત્વ પણ હોઈ શકે છે તેવું મને તે દિવસે લાગ્યું. હું એમની પાસે જઇને બેઠો અને તેમણે મારા ખભા પર હાથ મુક્યો. કશુંક અષ્ટમપષ્ટમ બોલ્યા અને અટ્ટહાસ્ય કર્યું. મને એમના વર્તનથી થોડો અચંબો થયો. મને મનમાં થયું કે નિરવારી બાબા આ શું કરી રહ્યા છે?

નિરવારી બાબા સાથે મારે થોડા સવાલોની આપલે થઇ. નિરવારી બાબાએ વાતો કરવાનું શરુ કર્યું. તેમણે એક વાત કહી હતી.

"હું અને મારો મિત્ર શ્યામ. અમે બંને અમારા ગુરુજીના પ્રિય શિષ્યો હતા. મારો મિત્ર એ એકાંતપ્રિય અને શરમાળ વધુ હતો. તેથી તે અમારા ગુરુજીને માત્ર મધ્યરાત્રિ અને પરોઢિયાના કલાકો દરમિયાન જ મળવાનું પસંદ કરતો હતો. શ્યામ મારો પરમ મિત્ર હોવાથી તેણે તેના ઊંડા આધ્યાત્મિક અનુભવો મને કહ્યા હતાં.

અચાનક એક દિવસ એવું થયું કે મારા મિત્રને પીળિયો થયો. ત્યારબાદ તે વિચિત્ર પ્રકારની બિમારીમાં ફસડાયો. શરીર પર ફોલ્લીઓ થવા માંડી અને તેમાંથી પરૂ નીકળવા માંડ્યું. અમને સમજાઈ નહોતું રહ્યું કે શું કરવું?

(ક્રમશઃ)



|| ૐ નમઃ ||

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૧-૨૦૨૪ | રવિવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૨-૦૧-૨૦૨૪ | સોમવાર | ૐ કુબેરામ |
| ૨૩-૦૧-૨૦૨૪ | મંગળવાર | ૐ સૂર્યતા |
| ૨૪-૦૧-૨૦૨૪ | બુધવાર | ૐ રાહુતા |
| ૨૫-૦૧-૨૦૨૪ | ગુરુવાર | ૐ ગુરૂતા |
| ૨૬-૦૧-૨૦૨૪ | શુક્રવાર | ૐ કેતુતા |
| ૨૭-૦૧-૨૦૨૪ | શનિવાર | ૐ શનિતા |
| ૨૮-૦૧-૨૦૨૪ | રવિવાર | ૐ બુધતા |
| ૨૯-૦૧-૨૦૨૪ | સોમવાર | ૐ ચંદ્રતા |
| ૩૦-૦૧-૨૦૨૪ | મંગળવાર | ૐ મંગલતા |
| ૩૧-૦૧-૨૦૨૪ | બુધવાર | ૐ શુક્રતા |
| ૦૧-૦૨-૨૦૨૪ | ગુરુવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૦૨-૦૨-૨૦૨૪ | શુક્રવાર | ૐ ગણેશાય |
| ૦૩-૦૨-૨૦૨૪ | શનિવાર | ૐ સિદ્ધતા |
| ૦૪-૦૨-૨૦૨૪ | રવિવાર | ૐ ઓમેશ્વર |
| ૦૫-૦૨-૨૦૨૪ | સોમવાર | ૐ કાર્યમ |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૦૨-૨૦૨૪ | મંગળવાર | ૐ બુદ્ધત્વ |
| ૦૭-૦૨-૨૦૨૪ | બુધવાર | ૐ લક્ષ્મીવા |
| ૦૮-૦૨-૨૦૨૪ | ગુરુવાર | ૐ ધનત્ય |
| ૦૯-૦૨-૨૦૨૪ | શુક્રવાર | ૐ ધનલક્ષ્મીદેવી |
| ૧૦-૦૨-૨૦૨૪ | શનિવાર | ૐ રાજલક્ષ્મીદેવી |
| ૧૧-૦૨-૨૦૨૪ | રવિવાર | ૐ કાર્યલક્ષ્મીદેવી |
| ૧૨-૦૨-૨૦૨૪ | સોમવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી |
| ૧૩-૦૨-૨૦૨૪ | મંગળવાર | ૐ ગુરૂલક્ષ્મીદેવી |
| ૧૪-૦૨-૨૦૨૪ | બુધવાર | ૐ શનિલક્ષ્મીદેવી |
| ૧૫-૦૨-૨૦૨૪ | ગુરુવાર | ૐ શિવાલ્ય |
| ૧૬-૦૨-૨૦૨૪ | શુક્રવાર | ૐ શિવશક્તિ |
| ૧૭-૦૨-૨૦૨૪ | શનિવાર | ૐ ઈન્દ્રદેવાય |
| ૧૮-૦૨-૨૦૨૪ | રવિવાર | ૐ ઓમ નમઃ |
| ૧૯-૦૨-૨૦૨૪ | સોમવાર | ૐ ધનિવ્યા |
| ૨૦-૦૨-૨૦૨૪ | મંગળવાર | ૐ શુભલાભ |

## • સટીક પ્રયોગ •

### લગ્નમાં અવરોધ આવતો હોય તે દૂર કરવા માટે સટિકપ્રયોગ

સૌપ્રથમ એક આખી સોપારી જમણા હાથમાં લેવી. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૯ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.

**મંત્ર : ॥ ૐ ત્રુશામી ત્રુશામી વજશક્તિ નમઃ ॥**

આપનું કાર્ય પરિપૂર્ણ થાય ત્યારબાદ સોપારી ઝાડ, છોડ કે નદીમાં વિસર્જન કરી દેવી. રોજ મંત્ર કરતી વખતે સોપારી નવી લેવાની નથી.

॥ ૐ નમઃ ॥



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના પ્રાગટ્ય દિવસ ૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી

# આપની મનોકામના પૂર્તિ માટે ચમત્કારિક મંત્રદર્શન

## મંત્ર : ॥ ૐ મનોતા મનોત્યમ કાર્યમ નમઃ ॥

### ૐઋષિ રક્ષાઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ वारीमः ।। | ।। ॐ त्रारीमः ।। | ।। ॐ कुर्वाकीताः ।। |
| ।। ॐ वींदातीः ।। | ।। ॐ त्रुदातीः ।। | ।। ॐ नादीतीः ।। |
| ।। ॐ प्रखमः ।। | ।। ॐ त्रखमः ।। | ।। ॐ वखमः ।। |

### ૐઋષિ સિદ્ધાઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ त्रशः ।। | ।। ॐ वशः ।। | ।। ॐ कशः ।। |
| ।। ॐ प्रमाजः ।। | ।। ॐ ववाजः ।। | ।। ॐ त्रवाजः ।। |
| ।। ॐ रवकः ।। | ।। ॐ दवकः ।। | ।। ॐ चवकः ।। |

### ૐઋષિ શક્તિ ઊર્જા ચક્ર




(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ સાધના ૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી કરવી. મંત્રદર્શનની આ સાધનાથી ગુરુજીના પ્રાગટ્ય દિવસની ઊર્જાથી આપની મનોકામનાપૂર્તિ અચૂક થશે.



॥ ૐ નમઃ ॥

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય કળશ



# સફળતાના શિખરો સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.

# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ

ઉપર દર્શાવેલ **સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ)** જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

ૐકારના દિવ્ય ચૈતન્ય અને શક્તિથી આપની આધ્યાત્મિક ચેતના પ્રબળ થાય એ માટે

### ૐ શ્રી ૐકાર ઊર્જા ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ।। ॐ ओमकारः।। | ।। ॐ ओमाम्ः ।। | ।। ॐ वामः ।। | ।। ॐ त्रामः ।। | ।। ॐ रामः ।। |
| ।। ॐ प्रामः ।। | ।। ॐ व्रामः ।। | ।। ॐ भ्रामः ।। | ।। ॐ त्रुभः ।। | ।। ॐ शुमः ।। |
| ।। ॐ कुर्वः ।। | ।। ॐ त्रुलः ।। | ॐकार संप्रदाय (धार्मिक आध्यात्मिक पथ) | ।। ॐ वाजः ।। | ।। ॐ शाजः ।। |
| ।। ॐ दुर्वः ।। | ।। ॐ वुवावः ।। | ।। ॐ कुर्मककः ।। | ।। ॐ दुर्वकः ।। | ।। ॐ शुभीकाः ।। |
| ।। ॐ भुवीकाः ।। | ।। ॐ सुतीकाः ।। | ।। ॐ त्रुलमः ।। | ।। ॐ काककः ।। | ।। ॐ शाककः ।। |

ઉપર આપેલ ૐ શ્રી ૐકાર ઊર્જા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું. એક વર્ષ સુધી રોજ ૨૦ સેકન્ડ આ ચક્રને જોવું.

।। ૐ નમઃ ।।

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના વસ્ત્રમાં મગના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના વસ્ત્રમાં કઠોળના ચણાના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન સફેદ કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખીસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ પીળા કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

## ઢીંચણનું ઓપરેશન સફળ થયું

મારા માતૃશ્રી રૂક્ષ્મણીબેન જેમની ઉંમર ૮૫ વર્ષની થઈ છે. આજથી એક વર્ષ પહેલા ઢીંચણમાં ખૂબ જ દુઃખાવા અને પીડાના કારણે એમનું ચાલવાનું સદંતર બંધ થઈ ગયું હતું અને એ સંપૂર્ણ પથારીવશ થઈ ગયા હતા. ઉંમર અને શારીરિક બીજી પીડાઓના કારણે અમદાવાદના ઓર્થોપેડીક ડૉક્ટરો Knee Replacement માટે ના પાડતા હતા. પરંતુ મારા માતૃશ્રી પથારીવશ થઈ જીવવા તૈયાર ન હતા અને એટલે જ હું પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ લેવા અને એમની પાસે ઉપાય લેવા મારા માતૃશ્રીને વ્હીલચેરમાં લઈ ગયો.

પરમ પૂજ્ય ગુરુજીએ એમનો જાપ કરેલ વાસક્ષેપ અને અભિમંત્રિત જળ આપ્યું અને કહ્યું કે 'રોજ આ ઢીંચણ ઉપર બે-ત્રણ વાર લગાડજો અને ૐકાર ચાલીસાનો પાઠ કરજો.'

લગભગ એક મહિના સુધી આ કર્યા બાદ ધીરે-ધીરે મારા માતૃશ્રી ઘરમાં ચાલતા થઈ ગયા. છેલ્લા એક વર્ષથી એ પોતાનું કામ પોતાની જાતે કરે છે. મારા માતૃશ્રી માટે અને અમારા પરિવાર માટે આ ગુરુજીનો એક દિવ્ય પરચો છે. ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લિ. ધીરેનભાઈ શાહ (અમદાવાદ)

**આપ આવી કોઇ પીડાથી ઘેરાયેલા હોય તો સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા પઠન અવશ્ય કરો જેનાથી ચમત્કારિક ફળની પ્રાપ્તિ અચૂક થશે તેમજ ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ # સદ્‌ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો શારીરિક કષ્ટ નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.**

## ડૂબેલા નાણાં પાછા આવ્યા

મારો ધંધો ઘણો સારો ચાલતો હતો. પરંતુ દુબઈમાં મારી એક મોટી રકમ ફસાઈ ગઈ અને માલ પાછો મોકલવાની ખરીદનાર મને ધમકી આપવા લાગ્યો. એ પૈસાની રકમ એટલી મોટી હતી કે જો એ પૈસા ના આવે તો હું સંપૂર્ણપણે રસ્તા પર આવી જઉં એવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

હું પ.પૂ. ગુરુજી પાસે ગયો. એમણે મને જે રસ્તો બતાવ્યો એ રસ્તાનું નામ એમણે વામજ માર્ગ કહ્યો. એના ઉપર હું ચાલ્યો અને ત્યારબાદ જે થયું એ અકલ્પનીય છે. એક મહિનાની અંદર મારો માલ ખરીદનાર વેપારીએ પૈસા મોકલી આપ્યા અને આગળ ધંધો ચાલુ રાખીશું એવી ખાતરી પણ આપી.

ત્યારબાદ મેં પાછા વળીને જોયું નથી. ૨૦૧૬ થી ૨૦૨૩ સુધીમાં પ.પૂ. ગુરુજીની પૂરી કૃપા છે એવું હું ચોક્કસ કહીશ. પ.પૂ. ગુરુજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત...

લિ. નરેશ પટેલ, સુરત

**આપ આવી કોઇ મુશ્કેલીમાં સપડાયા હોય તો પ.પૂ. ગુરુજીના દર્શને આવી અને વામજ માર્ગ વિશે પૂછવું. જો આપના માટે યોગ્ય હશે તો ગુરુજીની કૃપા ચોક્કસ આપના પર થશે.**

## ઓસ્ટ્રેલિયાનું પી.આર. થઇ ગયું

હું ૨૦૧૨ થી ઓસ્ટ્રેલિયામાં રહું છું, પરંતુ મારું પી.આર. અટકીને ઊભું રહ્યું હતું. મારા માતા-પિતાએ પ.પૂ. ગુરુજીનો અમદાવાદમાં મળવાનો સમય લીધો અને મારા પી.આર. બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. હું એટલો બધો થાકી ગયો હતો કે ઓસ્ટ્રેલિયા છોડી ઈન્ડિયા પરત આવવા માટે તૈયાર થઈ ગયો હતો. પરંતુ પ.પૂ. ગુરુજીએ આશીર્વાદ આપતા કહ્યું કે તૃતાંગ માર્ગના માધ્યમથી મારું પી.આર. ચોક્કસ થઈ જશે.

ગુરુજીના શબ્દો ફળ્યા અને ૨૦૧૯માં મારું પી.આર. થઈ ગયું. ૨૦૨૨માં મારા લગ્ન પણ મારા ગમતા પાત્ર સાથે થઈ ગયા. મારા માટે ગુરુજીનો આ દિવ્ય ચમત્કાર જ છે. આજે હું બધી રીતે ઓસ્ટ્રેલિયામાં સુખી છું અને મારા માતા-પિતા પણ હવે ઓસ્ટ્રેલિયા આવતા જતા રહે છે. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ નમન...

લિ. કશ્યપ ભટ્ટ, ઓસ્ટ્રેલિયા

**આપ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો પ.પૂ. ગુરુજીના દર્શને આવી અને તૃતાંગ માર્ગ વિશે પૂછવું. જો આપના માટે યોગ્ય હશે તો ગુરુજીની કૃપા ચોક્કસ આપના પર થશે.**

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ

'માનવસેવા એ જ ઈશ્વરસેવા'



# ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા

## આયોજીત દિવ્યાંગ પતંગ મહોત્સવમાં (૯મું વર્ષ) દિવ્યાંગોનો ઉત્સાહ વધારવા ગુજરાત રાજ્યના (સામાજિક ન્યાય અને સશક્તિકરણ)

# કેબીનેટ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાને

પતંગ મહોત્સવનું આમંત્રણ તથા સદ્ગુરુ ૐઋષિ સ્વામી રચિત વેદાંત દર્શન આર્ષેય ભાષ્યમ્ ગ્રંથ (વેદાંતનું ભાષ્ય) અને ૐકાર ચાલીસા આપતા ટ્રસ્ટી શ્રી કિંજલભાઈ શાહ તેની એક ઝલક.



# જાહેર આમંત્રણ

## “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

મંત્ર – દર્શન – ચમત્કાર

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# પૂનમ મહાદર્શન



**શુભ તારીખ**

**૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ - ગુરુવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO’s Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month’ Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**